

कृषिमूला ऋद्धिः

NAVSARI AGRICULTURAL UNIVERSITY

# મરઘા પાલન

## (બ્રોઇલર પક્ષીની માવજત)



:: લેખક ::

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
નવસારી કૃષિ યુનિવર્સિટી
દેડીયાપાડા - ૩૯૩ ૦૪૦, જિ. નર્મદા


## બ્રોઈલર પક્ષીની માવજત :-

બ્રોઈલર એટલે માંસ આપતા પક્ષીને બ્રોઈલર તરીકે ઓળખવામાં આવે છે. આ પક્ષીને ૬ અઠવાડીયા સુધી ઉછેરવામાં આવે છે. વેચાણ સમયે આ પક્ષીનું વજન આશરે ૧.૫ – ૨ કીલોગ્રામ જેટલું જોવા મળે છે. ભારતમાં ઉછેરવામાં આવતી બ્રોઈલર પક્ષીની વિવિધ જાતો નીચે મુજબ છે.

૧. કેરી બ્રો
૨. વેન કોબ
૩. ક્રીસી બ્રો
૪. બેબ કોબ
૫. હાય બ્રો
૬. કલર બ્રોઈલર

## રહેઠાણ વ્યવસ્થા :-

- આ માંસ આપતા પક્ષીઓના ઉછેર માટે તેને ભોંયતળીયા ઉપર (ડિપ લિટર) કે પાંજરામાં રહેઠાણની વ્યવસ્થા પુરી પાડી શકીએ છીએ.
- પરંતુ ભોંયતળીયા ઉપર પક્ષીઓનો ઉછેર એ વધુ પ્રચલિત છે કારણ કે આ રહેઠાણની વ્યવસ્થામાં પક્ષીઓના છાતી ઉપર કે પગને લગતી ઈજા પાંજરામાં રાખતા રહેઠાણ કરતા ઓછી જોવા મળે છે.
- બ્રોઈલર પક્ષીના ઉછેર માટેના રહેઠાણમાં યોગ્ય હવા ઉજાસ માટે મરઘાં ઘરનું બાંધકામ પૂર્વ અને પશ્ચિમ દિશામાં રાખવું જેથી કરીને સૂર્યપ્રકાશ સીધો મરઘા ઘરમાં પ્રવેશી શકે નહીં.
- જેથી ઉત્તર અને દક્ષિણથી આવતા પવનનો લાભ હવાઉજાસ માટે લઈ શકાય.



## ઉછેરની પધ્ધતિ :–

બ્રોઈલર પક્ષીનો ઉછેર મુખ્યત્વે બે પધ્ધતિમાં કરી શકાય છે. જેમાં

૧. ટોળા પધ્ધતિ (ઓલ ઈન ઓલ આઉટ પધ્ધતિ)

૨. બહુ ટોળા પધ્ધતિ (મલ્ટીપલ રીયરીંગ)

૧. ટોળા પધ્ધતિમાં બ્રોઈલર પક્ષી એક સાથે તેનો ઉછેર કરીને એકી સાથે બધા જ પક્ષીઓનો નિકાલ કરવામાં આવે છે. જેનાથી પ્રથમ બેચ અને દ્વીતીય બેચ વચ્ચે અમુક સમયગાળો રહે છે જેથી કરીને રોગોના ચાલતા ચક્રને અટકાવી શકાય છે.

૨. બહુ ટોળા પધ્ધતિમાં અલગ અલગ રહેઠાણ બનાવીને દરેક રહેઠાણમાં અલગ ઉંમરના પક્ષીઓનો ઉછેર કરવામાં આવે છે. આ પધ્ધતિમાં રોગોના ફેલાવાની શકયતા વધારે પ્રમાણમાં જોવા મળશે જેથી આ પધ્ધતિમાં મરઘાંપાલકોએ કાળજી વધારે પ્રમાણમાં લેવી તે અનિવાર્ય બની રહેશે. જેથી બહુ ટોળા પધ્ધતિ કરતાં ટોળા પધ્ધતિ બ્રોઈલર ઉછેરતા પક્ષી માટે વધુ સુયોગ્ય રહેશે.

## બ્રુડર હાઉસની તૈયારી :

- બચ્ચાં આવતા પહેલા સંપૂર્ણ રીતે બ્રુડર હાઉસ તૈયાર હોવું જોઈએ.
- ૧ અઠવાડીયા પહેલા સંપૂર્ણ રીતે બ્રુડર હાઉસને સ્વચ્છ પાણીથી સાફ કરવું.
- જો હાઉસમાં પહેલાનું લીટર મટીરીયલ પડેલ હોય તો સર્વ પ્રથમ તેને દૂર કરવું અને હાઉસમાં ઉપયોગમાં લેવાના થતા દરેક સાધનોને સ્વચ્છ કરવા.
- હાઉસને સાફ કર્યા બાદ હાઉસને સંપૂર્ણપણે સુકવવું જરૂરી છે જેથી કરીને ભેજનું પ્રમાણ નહીંવત રહે.
- જો હાઉસ સંપૂર્ણપણે હવાચુસ્ત બંધ હોય તો હાઉસ અને સાધનોને ફયુમીગેશન કરવા હીતાવહ છે.
- ફયુમીગેશન માટે બે ભાગ ફોર્મેલીન અને એક ભાગ (પોટેશીયમ પરમેંગેનેટ) (મોરથુથુ) જેનાથી ઉત્પન્ન ગેસ એ હાઉસને સંપૂર્ણ રીતે જંતુરહિત કરવા માટે ખૂબ જ ઉપયોગી છે.
- જેમ કે, ૩૫ મી.લી. ફોર્મેલીન અને ૧૭.૫ ગ્રામ મોરથુથુ એ ૨.૮૩ મી$^{3}$ જગ્યાને જંતુરહિત કરવા માટે સક્ષમ છે જેને આપણે ૧ ફયુમીગેશન તરીકે આળખીએ છીએ.
- ફયુમીગેશન માટે મહત્વની બાબત એ છે કે હંમેશા મોરથુથુમાં જ ફોર્મેલીન ઉમેરવું જો એનાથી ઉંધુ કરવામાં આવે તો સીધી જ આગ લાગવાની શકયતા રહેલી છે.
- જો બ્રુડીંગ ઓપરેશન ડીપ લીટર હાઉસમાં કરવામાં આવે તો લીટર મટીરીયલ તરીકે સ્થાનિક ઉપલબ્ધતાને અનુકૂળ લાકડાંનો વેર, છાલ,ડાંગરની કુશકી ઘાસનાં નાના ટુકડા, મકાઈનાં ડોડાનાં ટુકડા, શેરડીનાં કૂચા અને મગફળીનાં ફોતરાંનો ઉપયોગ બેડીંગ મટીરીયલ તરીકે કરવો જોઈએ.
- લીટર મટીરીયલ પસંદ કરવા માટે મુખ્યત્વે તેની કિંમત અને સ્થાનિક ઉપલબ્ધતા જોવી ખૂબ જ જરૂરી છે.
- લીટર મટીરીયલને ભોંયતળિયા ઉપર ૬–૯ સે.મી. ની ઉંચાઈ જેટલું પાથરવું.
- જયારે બચ્ચાં હાઉસમાં આવે ત્યારે પ્રથમ ત્રણ દિવસ સુધી લીટર મટીરીયલ ઉપર પેપર પાથરવા.

- આ પેપર ઉપર ખોરાકને છુટો છુટો વેરવો જેથી કરીને બચ્ચાં ત્રણ દિવસમાં સંપૂર્ણપણે ખોરાક ખાતા શીખી જાય.
- ૨–૩ દિવસ પૂર્ણ થયા બાદ આ પેપરને કાઢી લેવા અને ત્યારબાદ બ્રુડરનાં નીચે ચીક ફીડર અને ચીક વોટરરને સમાન રીતે ગોઠવી દેવા.
- બ્રુડરહાઉસમાં જો બ્રુડર મૂકેલ હોય તો આ બ્રુડરને ૨૪ કલાક પહેલાં ચાલુ કરવું જેથી કરીને વાતાવરણને અનુકૂળ બ્રુડરહાઉસનું તાપમાન જાળવી શકાય.
- જો બ્રુડરહાઉસનું તાપમાન ખરેખર માપવું હોય તો ભોંયતળિયાથી ૫ સે.મી. ઉપરથી તાપમાન માપવું.
- જો લટકાવવામાં આવતા ફીડરનો ઉપયોગ કરવામાં આવે તો ૩૬ સે.મી. વ્યાસવાળા, ૧૨ કિ.ગ્રા. ક્ષમતાવાળા ૩ લટકતાં ફીડર ૧૦૦ બચ્ચાં માટે પૂરતા છે.
- બચ્ચાંને સ્વચ્છ અને જંતુરહિત પાણી ૨૪ કલાક માટે મળી રહે તેવું આયોજન કરવું.
- શરૂઆતનાં દિવસોમાં બચ્ચાંને ઈલેકટ્રોલાઈટ અને ગ્લુકોઝનું પાણી બ્રુડરહાઉસમાં આપવું જેથી કરીને આ પાણી શકિતનાં સ્ત્રોત તરીકે સીધું જ કામ કરશે અને બ્રુડીંગ દરમ્યાન થતા મરણને પણ અટકાવી શકાશે.

**બ્રુડર હાઉસનું તાપમાન :**

- પહેલા અઠવાડીયામાં બ્રુડીંગ હાઉસનું તાપમાન ૩૫ ̊સે. (૯૫ ફે.) રાખવું ત્યારબાદ પ્રત્યેક વીક પ્રમાણે ૩ ̊ સે. જેટલા તાપમાનમાં ઘટાડો કરવો જયાં સુધી વાતાવરણનું તાપમાન અને રૂમનું તાપમાન સરખું ન થાય.
- જો નિયત પ્રમાણેનું તાપમાન બ્રુડરહાઉસમાં જાળવવામાં ન આવે તો તેનાથી બચ્ચાનાં વિકાસદરમાં ઘટાડો થાય છે.જો બ્રુડરહાઉસનું તાપમાન જરૂરિયાત કરતાં ઓછું હોય તો બચ્ચાં બધા જ બ્રુડર નીચે ભેગા થઈ જશે.
- જો બ્રુડરહાઉસનું તાપમાન જરૂરિયાત કરતા વધુ હોય તો બધા જ બચ્ચાં ચીક ગાર્ડની ફરતે ગોઠવાય જશે.
- જયારે તાપમાન જરૂરિયાત પ્રમાણેનું હશે તો બ્રુડરહાઉસમાં બધાં જ બચ્ચાં સપ્રમાણમાં ફરતા જોવા મળશે.
- જેના કારણે બચ્ચાંના પીંછાનો વિકાસ દર ઘટી જશે.

**હવા ઉજાસ :**

- તાજી અને સ્વચ્છ હવા એ બચ્ચાંના સ્વાસ્થય અને સુખાકારી માટે જરૂરી છે.
- જો બ્રડર હાઉસમાં હવા ઉજાસ યોગ્ય નહિ હોય તો હાઉસમાં કાર્બન મોનોકસાઈટ, એમોનીયા અને લીટર મટીરીયલમાં ભેજનું પ્રમાણ વધી શકે.
- જો કાર્બન મોનોકસાઈટનું પ્રમાણ હવામાં ૦.૦૧ ટકા કરતાં વધે તો બચ્ચાં માટે તે ઝેરી સાબીત થાય છે.
- એમોનીયાની ખરાબ સુગંધનાં કારણે બચ્ચાંને આંખમાં બળતરા અને વિકાસદરમાં ઘટાડો જેવા ચિન્હો જોવા મળે છે.
- જો લીટર મટીરીયલમાં ભેજનું પ્રમાણ વધે તો પરોપજીવીથી થતો કોકસીડીયા નામનો રોગ જોવા મળે છે.
- જેથી જો યોગ્ય હવા ઉજાસ રૂમમાં હોય તો લીટર મટીરીયલને સુકુ રાખી શકાય છે અને એનાથી થતા રોગોને અટકાવી શકાય છે.

**જગ્યા :**

- ૧ બચ્ચાં દીઠ ૧ ચો.ફુટ જગ્યાએ ૬ અઠવાડીયા સુધી પૂરતી છે.

**ચાંચ કાપવી :**

- પ્રથમ દિવસથી ૬ અઠવાડીયાની અંદરના સમયગાળામાં કાપવામાં આવે છે. ચાંચ કાપવા માટે ઈલેકટ્રીક ડીબીકીંગ મશીનનો ઉપયોગ થાય છે.

**લાઈટની વ્યવસ્થા :**

- લાઈટની સીધી અસર બચ્ચાંના ખોરાક સાથે સંકળાયેલી છે જો લાઈટ આપવાનાં સમયમાં ફેરફાર કરવામાં આવે તો ખોરાકમાં વધારો અને ઘટાડો જોવા મળે છે.
- મોટા ભાગનાં પોલ્ટ્રી ફાર્મર ૨૪ કલાક સતત લાઈટ આપવાને બદલે ૨૩ કલાક લાઈટ અને ૧ કલાક અંધારુ રાખે છે જેથી જયારે પણ લાઈટ જવાના પ્રશ્નો બને છે ત્યારે પક્ષીને અંધારાથી ટેવાવા માટે મદદરૂપ થાય છે.

**કલગી કાપવી (ડબીંગ) :**

- પ્રથમ દિવસે કલગી કાપવામાં આવે છે કારણ કે શરીરના આ ભાગનો ઉત્પાદન ના સાથે કોઈ પણ સંબંધ નથી અને કલગીના રોગો સામે રક્ષણ મળે છે.

**રસીકરણ :**

- રસીકરણ એટલે પક્ષીઓમાં રોગપ્રતિકારક શકિત વિકસાવી રોગ થતો અટકાવવા માટેની વ્યવસ્થા.
- રસીને ૦ થી ૪ ડીગ્રી સેલ્સીયસ તાપમાને રાખવી જોઈએ.
- રસીકરણ વખતે રસી સીધા સૂર્યપ્રકાશ સામે કયારેય રાખવી જોઈએ નહીં.
- રસીકરણ પૂર્ણ કર્યા બાદ વધેલી રસીને ફાર્મથી દૂર બાળવાની કે દાટવાની ખાસ વ્યવસ્થા કરવી જોઈએ.

બ્રુડીંગ સમયગાળા દરમ્યાન રાનીખેત (ન્યુ કેસ્ટલ ડીસીઝ), મરેકસ અને ગંબોરો (ઈન્ફેકસીયસ બરસલ ડીસીસ) રોગો સામે રક્ષણ મેળવવા માટે રસીકરણ આપવામાં આવે છે.

| પક્ષીની ઉંમર | રસીનું નામ | આપવાની રીત |
|---|---|---|
| એક દિવસ | મરેકસ રસી (જીવીત, એચ.વી.ટી.) | ચામડી – માંશપેશી વચ્ચે (હેચરીમાં) |
| ૫ – ૭ દિવસ | રાણીખેત રસી (જીવીત, એફ – ૧ સ્ટ્રેઈન) | આંખમાં / નાકમાં ટીપા |
| ૧૪ – ૧૬ દિવસ | ગમ્બોરો રસી (જીવીત, ઈન્ટરમીડીએટ સ્ટ્રેઈન) | પીવાના પાણીમાં |
| ૨૧ દિવસ | ઈન્ફેકશીયસ બ્રોન્કાઈટીસ રસી (જીવીત) | આંખમાં / નાકમાં ટીપા |

**ખોરાક :-**

- બ્રોઈલર પક્ષી હાલમાં ૬ અઠવાડીયા સુધી ઉછેરવામાં આવે છે. બ્રોઈલર પક્ષીનું વજન જન્મ સમયે આશરે ૪૦ ગ્રામ સરેરાશ જોવા મળે છે અને વેચાણ સમયે અંદાજીત ૧.૫ – ૨ કીલોગ્રામ ૬ અઠવાડિયાના અંતે જોવા મળશે.
- બ્રોઈલર પક્ષીના ખોરાકને મુખ્યત્વે ત્રણ તબકકામાં વહેંચવામાં આવે છે. જેમાં ૧. પ્રિ સ્ટાર્ટર મેશ ૨. સ્ટાર્ટર મેશ અને ૩. ફીનીશર મેશ જે અનુક્રમે ૦ – ૭ દિવસ, ૮ – ૨૧ દિવસ અને ૨૨ દિવસથી વેચાણ સુધી ખોરાક આપવામાં આવે છે.

## બ્રોઇલર પક્ષીનાં ખોરાકનાં સ્ટાન્ડર્ડ

| પોષક તત્વો | ઉંમર (દિવસમાં) | | |
|---|---|---|---|
| | ૦ – ૭ | ૮ – ૨૧ | ૨૨ થી વેચાણ સુધી |
| | પ્રિ સ્ટાર્ટર મેશ | સ્ટાર્ટર મેશ | ફીનીશર મેશ |
| મેટાબોલાઈઝેબલ એનર્જી (કિ. કેલરી) | ૩૦૦૦ | ૩૧૦૦ | ૩૨૦૦ |
| ભેજ | ૧૧ | ૧૧ | ૧૧ |
| નત્રલ પદાર્થ | ૨૩ | ૨૨ | ૨૦ |
| ચરબી % લઘુત્તમ | ૩.૫૦ | ૪.૫૦ | ૬.૫૦ |
| રેસાયુકત પદાર્થ મહત્તમ | ૫.૦૦ | ૫.૦૦ | ૫.૦૦ |
| મીઠું | ૦.૫ | ૦.૫ | ૦.૫ |
| કેલ્શીયમ % | ૧.૦૦ | ૧.૦૦ | ૧.૦૦ |
| ફોસ્ફરસ % | ૦.૭ | ૦.૭ | ૦.૭ |
| આફલાટોકસીન B1 | ૨૦ | ૨૦ | ૨૦ |
| વિટામીન – A IU/Kg | ૧૧૦૦૦ | ૧૧૦૦૦ | ૧૧૦૦૦ |
| લિનોલીક એસિડ % | ૨.૦૦ | ૩.૦૦ | ૩.૫૦ |
| લાયસીન % (લઘુત્તમ) | ૧.૩૦ | ૧.૨૦ | ૧.૦૦ |
| મિથીઓનીન % (લઘુત્તમ) | ૦.૫૦ | ૦.૫૦ | ૦.૪૫ |
| મેંગેનીઝ | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ |

**ઈંડા આપતા પક્ષીની માવજત :-**

ઈંડા આપતી મરઘીને ઘરગથ્થુ રીતે પાલન કરતા મરઘાપાલકો માટે ઉત્પાદનમાં વધારો કરવા માટે જરૂરી સુચનો

**મરઘાઘરની વ્યવસ્થા :**

પક્ષીઓને લાકડા, કાચુ લોખંડ તથા ઈંટનું બનાવેલુંપૂરતી હવાઉજાસવાળું રહેઠાણ આપવું જરૂરી છે. પક્ષીઓને ખાસ કરીને રાત્રીના સમયે રહેઠાણની જરૂર પડશે અને તેઓ તેમની જાતે જ ઘરમાંઆવ જાવ કરી શકે તેવી વ્યવસ્થા કરવી જોઈએ. પક્ષીઓનું ઘર પ્રાણીઓથી પરેશાન ન થાય તેવું હોવું જોઈએ. પક્ષીઓના રહેઠાણની સમયાંતરે સાફ સફાઈ કરવી. પક્ષીઓને રહેઠાણમાંસુકા ઘાસની પથારી આપવી જોઈએ. સમયાંતરે (દર મહિને) બાહ્ય પરોપજીવીઓથી રક્ષણ આપવા ઈન્સેકટીસાઈડ દવાનો છંટકાવ પણ કરવો જોઈએ. પક્ષીઓને રાત્રે ઊંચાણવાળી જગ્યાએ બેસવાની આદત હોય છે, તેથી તેને અનુરૂપ માંચળા પણ બનાવી શકાય.

### દેશી સુધારેલી જાતો અપનાવવી :

સામાન્ય રીતે આવા પક્ષીઓનું પાલન કરવા માટે રાખવામાં આવતા દેશી પક્ષીઓની ઉત્પાદન ક્ષમતા સારી હોતી નથી. મરઘાપાલકો દેશી સુધારેલી જાતો અપનાવે તો ઉત્પાદનમાં વધારો કરી શકાય. દેશી સુધારેલી જાતોમાં અસીલ, કડકનાથ, ફ્રીજલ, નેકેડનેક, ગ્રામલક્ષ્મી, ગ્રામપ્રિયા, ગિરિરાજા વગેરેનો સમાવેશ થાય છે. આ સુધારેલી દેશી જાતો ગ્રામીણ વાતાવરણને અનુરૂપ, ખડતલ, સામાન્ય રોગો સામે લડનારી તથા સારૂ ઉત્પાદન આપતી જાતો છે. જેઓનું ઈંડા ઉત્પાદન સરેરાશ ૧૪૦ – ૧૬૦ ઈંડા જેટલું તથા પુખ્ત ઉંમરના માદા પક્ષીનું સરેરાશ વજન ૧૩૦૦ ગ્રામ જેટલું હોય છે. જયારે પુખ્ત ઉંમરના નર પક્ષીનું સરેરાશ વજન ૧૮૦૦ ગ્રામ જેટલું હોય છે.

### ઈંડા મૂકવા માટેના માળાની વ્યવસ્થા કરવી :

મરઘીઓ ૨૦ અઠવાડિયાની ઉંમરની થાય ત્યારે તેમના માટે ઈંડા મૂકવાના માળા તૈયાર હોવા જરૂરી છે. ઈંડા મૂકવાના માળા લાકડાના ખોખા, લોખંડના ડબ્બા, માટીના છોડ માટેના કૂંડા કે દીવાલની અંદર ચણીને બાંધેલા બનાવી શકાય છે. માળા જમીનની ઉંચે, શાંત વાતાવરણમાં અને અંધારૂ રહે તેવી જગ્યાએ મૂકવા જોઈએ.

### મરઘીને કડક (બુડી) થતી અટકાવવી :

ગામડામાં આખા વર્ષ દરમ્યાન મરઘીઓ બચ્ચા સેવે તેવું જોવામાં આવે છે. આવી મરઘીઓ ૧૦ થી ૧૨ ઈંડા મૂકીને કડક થઈ જાય છે અને ઈંડા આપવાનું બંધ કરીને ઈંડા સેવવા માટે બેસી જાય છે. આમ વર્ષમાં ૪ થી ૫ વખત ઈંડા મૂકી બચ્ચા સેવે છે જેથી વર્ષમાં આશરે ૫૦ જેટલાં જ ઈંડા આપે છે. આમ મરઘીને કડક થતી રોકવા માટે રોજે રોજ ઈંડાનું એકત્રીકરણ કરવું જોઈએ જેથી મરઘીને કડક થતી અટકાવી શકાય અને ઈંડાનું ઉત્પાદન વધારી શકાય.

### પક્ષીઓના રોગ સામે અટકાવ :

પાણી પહેલા પાળ બાંધો ઉકિત અનુસાર પક્ષીઓને રોગો આવતા અટકાવવા જરૂરી રસીકરણ ખાસ કરીને રાનીખેત રોગ સામે રસીકરણ કરવું જોઈએ. પક્ષીઓમાં કૃમિથી થતાં રોગોથી રક્ષણ આપવા સમયાંતરે (મહિનામાં એક વખત) કૃમિનાશક દવા આપવી જોઈએ.

### ખોરાક વ્યવસ્થા :

૧. ઘર આંગણે ઉછેર કરવામાં આવતા દેશી પક્ષીઓ દિવસભર પ્રોટીન (જીવજંતુ, અળસિયા, કોસેટો), મિનરલક્ષારો (રેતી, માટી, છિપલા) અને વિટામીન્સ (લીલા પાન – છોડ) માંથી મેળવે છે.

૨. ગામડાઓમાં રસ્તા પાકા થતા ગયા, ખેતરમાં એક થી વધુ પાકો લેતા ગયા અને વધુ પડતી રાસાયણિક દવાઓના છંટકાવથી દેશી પક્ષીઓને કુદરતી રીતે મળતો ખોરાક ઘટતો ગયો.

૩. દેશી પક્ષીઓને બારેમાસ એનર્જી (શકિત) ની ઉણપ વર્તાય છે.

૪. ફકત ચોમાસામાં દેશી પક્ષીઓની પ્રોટીન અને વિટામીન્સની જરૂરિયાત બીજ, જીવજંતુઓ તથા ઘાસના પાંદડામાંથી પૂરતી થઈ રહેતી હોય છે.

૫. દેશી પક્ષીઓને સવાર – સાંજ એનર્જી (શકિત) વાળા ખોરાકના ઘટકો જેવા કે મકાઈ, જુવાર કે બાજરી ભરડીને ૪૦ થી ૫૦ ગ્રામ આપવી જોઈએ.

૬. શિયાળા અને ખાસ કરીને ઉનાળામાં પ્રોટીનની જરૂરીયાત પૂરી પાડવા માટે સોયામીલ કે મગફળી ખોળને ભરડીને આપવી જોઈએ.

**પક્ષીઓનાં ઉત્પાદન, ખોરાક, સ્વાસ્થ્ય તથા અન્ય મુંઝવતા પ્રશ્નોની તાલીમ લેવી :**

પક્ષીઓનાં ઉત્પાદન વધારવા માટે, ખોરાકને લગતી માહિતી મેળવવા માટે કે રોગ સામે રક્ષણ મેળવવા માટેની માહિતી મેળવવી જોઈએ. આવી માહિતી તમને નવસારી કૃષિ યુનિવસિર્ટીનાં આઈ.એસ.એફ.સી. વિભાગ, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, કે તમારા ગામના પશુચિકિત્સક પાસેથી મળી રહે છે.

**માર્કેટીંગ (બજાર વ્યવસ્થા) :**

વાડામાં રાખી ઉછેર કરવામાં આવતા પક્ષીઓની પેદાશ ઈંડા તથા માંસની કિંમત મરઘાપાલકોને વિલાયતી જાતોની સરખામણીમાં ઘણી વધારે મળે છે. મરઘીનાં ઈંડા તથા મરઘીનો વધુ ભાવ ગામડાની નજીકનાં શહેરી વિસ્તારમાં વધુ મળે છે.આ માટે ગામડાં ભેગા મળી એક સેલ્ફ હેલ્પ ગ્રુપ બનાવી દરેક વારાફરતી ગામનાં ઈંડા ભેગા કરી નજીકનાં શહેરમાં વેચતા ઈંડાનાં વધુ ભાવ મળશે.

**પાણીની યોગ્ય વ્યવસ્થા તથા ગોઠવણી :**

મરઘીઓને ચોવીસ કલાક તાજુ અને સ્વચ્છ પાણી મળી રહે તેવી વ્યવસ્થા કરવી. આ માટે પાણીની નીક બાંધવી અગર છૂટા પાણીનાં વાસણો રાખવા. પાણીનાં વાસણો રોજેરોજ સાફ કરી તાજું, સ્વચ્છ અને ઠંડુ પાણી આપવું. જુની માટલીનો ઉપરનો ભાગ તોડી થોડા થોડા અંતરે પાણી ભરવાથી મરઘીઓને ઠંડુ પાણી મળી રહેશે. રાત્રીનાં સમયે મરઘાં ઘરમાં પણ પાણીની વ્યવસ્થા કરવી જોઈએ.

**બિનઉત્પાદક મરઘીઓની છટણી કરવી :**

બિનઉત્પાદક અને ખરબચડી કલગી ધરાવતી સુસ્ત મરઘીઓનો તથા અતિશય ઓછુ વજન ધરાવતી કે પીળાશ પડતી આંખોની પાંપણો ધરાવતી મરઘીઓનો નિકાલ કરવો જોઈએ.

---

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
નવસારી કૃષિ યુનિવર્સિટી
દેડીયાપાડા - ૩૯૩ ૦૪૦, જિ. નર્મદા

નવસારી કૃષિ યુનિવર્સિટી પ્રકાશન નં.: ૦૦/૨૦૧૯-૨૦